# નડિયાદમાં 'મા શક્તિ ઉત્સવ'માં દિવ્યાંગ બાળકો અને પરિવાજનોએ રાસની રમઝટ બોલાવી






નડિયાદના સમર્પણ એજ્યુકેશન ટ્રસ્ટ અને સક્ષમ થેરાપી સેન્ટરના સહયોગથી વિ-ક્લબ વુમન નડિયાદ દ્વારા 'મા શક્તિ ઉત્સવ' અંતર્ગત દિવ્યાંગ બાળકો અને પરિવાજનો માટે એક દિવસીય રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્પેશ્યલ બાળકો દ્વારા ગરબે ઘૂમી માતાજીની આરાધના કરવામાં આવી હતી. એટલું જ નહીં પરતું આ ભક્તિમાં બાળકોની સાથે મહાનુભાવોએ પણ સાથ પુરાવ્યો હતો. આ અનોખા આયોજન થકી દિવ્યાંગ બાળકોને તેમની શક્તિઓને ઉજાગર કરવાનો તક મળી રહે અને તેનાથી બાળકોમાં અતૂટ આત્મવિશ્વાસ ઉદ્ભવે તે હેતુથી આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ખેડા તાલુકા કક્ષાનું ગણિત વિજ્ઞાન પ્રદર્શનનું ખેડા કેમ્પ પ્રા. શાળામાં યોજાયું



**ખેડા |** ખેડા તાલુકાનું 25મું ગણિત, વિજ્ઞાન, પ્રદર્શન ખેડા કેમ્પ, પ્રાથમિક શાળામાં યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે સિની.લેક્ચરર જે.એસ.ગોસ્વામી, ખેડાના ટીપીઇઓ, બીઆરસી ખેડાના કો.ઓર્ડી. જયંતિભાઇ તેમજ પ્રા.શિ.સંઘ,પ્રા.શૈ.સંઘ ઉત્કર્ષમંડળના ત્રિવેણી સંઘના સૌ હોદ્દેદારો, માર્ગદર્શક શિક્ષકો, બાળ વૈજ્ઞાનિકો અને ગ્રામજનોની વિશાળ ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. આ ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કુલ પાંચ વિભાગમાં 40 કૃતિમાં 80 બાળ વૈજ્ઞાનિકોએ, 40 માર્ગદર્શક શિક્ષકો અને 50 મુલાકાત લેનાર શિક્ષકો એમ કુલ 120 કરતા વધુ ગ્રામજનોએ સાથે 400 જેટલાં બાળકોએ આનંદ ઉત્સાહ પૂર્ણ ભાગ લઈ પ્રદર્શન નિહાળી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### કપડવંજમાં જિનશાસન રક્ષક એવા શ્રી મણીભદ્રવીરનું પૂજન તથા હવન યોજાયું



**કપડવંજ :** કપડવંજમાં જીનશાસન રક્ષક એવા શ્રી મણીભદ્રવીર નું પૂજન અને હવન સંવત 2080 આસો સુદ-5 ને મંગળવાર ના રોજ કપડવંજ મુકામે વીરબાળાબેન ઇન્દ્રવદન ગાંધી પરિવાર તરફથી પંચના જૈન ઉપાશ્રય સવારે શ્રી મણીભદ્રવીરનું હવન પૂજન કરવામાં આવ્યું હતું. આ શુભ પ્રસંગે બહારગામ થી મોટી સંખ્યામાં જૈન ભાઇ બહેનોએ પધારી હવન પૂજનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

### મહેમદાવાદ સોનાવાલા હાઇસ્કૂલમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



**મહેમદાવાદ :** મહેમદાવાદની શેઠ જે.એચ.સોનાવાલા હાઇસ્કૂલના ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં શાળાના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી ચાર્ટર્ડ એકાન્ટન્ટ્સ સુરેશભાઈ શાહ,નગરના અગ્રણીઓ જીતુભાઈ શાહ ,ગીરીશભાઈ સોની તથા શાળાના આચાર્ય,શિક્ષકગણ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સુરેશભાઈ શાહ (C.A.) દ્વારા વિદ્યાર્થીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ કોર્સ વિષે વિસ્તૃત માહિતીની સમજ અપાઇ હતી. જીતુભાઈ શાહ દ્વારા વિદ્યાર્થીઓને પોતાના ધ્યેય પર અડગ રહેવા તથા ગીરીશભાઈ સોની દ્વારા ધંધામાં સફળ થવા બાબતે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય પરેશભાઈ પટેલ તથા શિક્ષક મિત્રો દ્વારા કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું કાર્યક્રમના અંતે સુરેશભાઈ શાહ દ્વારા શાળાના આચાર્યને તથા આમંત્રિત મહેમાનોને CARRIER GUIDANCE DIARY આપવામાં આવી હતી.

### બાકરોલની જી.એચ. પટેલ એન્જિનિયરિંગ કોલેજ ખાતે બાલિકા દિવસની ઉજવણી



**આણંદ :** મહિલા અને બાળ અધિકારીની કચેરી, આણંદ દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે જાગૃતિકરણ અર્થે બાકરોલની જી એચ. પટેલ એન્જિનિયરિંગ કોલેજમાં ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જાગૃત મહિલા સંગઠનના પ્રમુખ આશાબેન દલાલ દ્વારા આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસ નિમિત્તે દિકરા અને દિકરીઓના સામાજીકરણમાં થતી વિવિધતા બાબતે તથા સ્ત્રીઓને જીવનના આવતા વિવિધ સંઘર્ષોને પહોંચી વળવા બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લાના મિશન કો-ઓર્ડીનેટર બકુલભાઈ શાહ દ્વારા સખી વન સ્ટોપ સેન્ટર અને વહાલી દીકરી યોજનાની માહિતી, મહિલા અને બાળ અધિકારીની કચેરીના ફાલ્ગુનીબેને વિવિધ મહિલાલક્ષી યોજનાઓ અંગે માહિતી આપી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

# આણંદના વઘાસીમાં માથાભારે દંપતીએ મિલકત પચાવી પાડી

**સને 2015માં** વેચાણ આપ્યા બાદ ગીરવે આપી હતી તેમ કહી ફરી કબજો કરી લીધો

(પ્રતિનિધિ) આણંદ તા.8

આણંદના વઘાસી ગામમાં રહેતા દંપતીએ તેમના મકાનની બાજુમાં આવેલી દુકાન એક કરિયાણાના વેપારીને વેચી હતી. આ અંગે વેચાણ દસ્તાવેજ થયાં બાદ અચાનક દંપતીએ આ દુકાન ગીરે આપી હતી, તેમ કહી ફરી કબજો કરી લીધો હતો.

આણંદના વઘાસી ગામમાં આવેલા સરદાર ચોકમાં રહેતાં ભરત મનુભાઈ પટેલ કરિયાણાનો વેપાર કરે છે. તેઓએ વર્ષ 2015માં વઘાસી ગામમાં સમડીવાળા ફળીયામાં રહેતા પરમાર વિક્રમભાઈ છોટાભાઈ, પરમાર ભીખીબહેન વિક્રમભાઈ પાસેથી દુકાન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી ખરી હતી. જેના વેચાણનો અવેજ રૂ. દોઢ લાખ રોકડા ચુકવી આપી આપ્યાં હતાં. જોકે, આ દુકાનના વેચાણ દસ્તાવેજના આધારે મિલકતની આકારણીમાં તથા મિલકના મધ્ય ગુજરાત વીજ કનેકશનના બીલમાં ભરતભાઈ પટેલનું નામ ચઢાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત પરમાર વિક્રમ તથા ભીખીબહેનએ સ્થળ પર પ્રત્યક્ષ રીતે કબજો ભોગવટો સોંપી દીધો હતો. આથી, અનાજ કરિયાણાની દુકાન ચલાવી વેપાર ધંધો કરતા હતાં અને દુકાનની સામે વેચાણ કરી ગ્રામ પંચાયત મિલકત નંબર 120 વાળુ મકાનનો ઉપયોગ ગોડાઉન તરીકે ઉપયોગ કરતાં હતાં. દરમિયાનમાં વિક્રમભાઈ છોટાભાઈ પરમાર, ભીખીબહેન વિક્રમભાઈ પરમારે પોતાની દિકરી પરણાવેલી તેના લગ્નના પંદર દિવસ અગાઉ તેઓએ વેચાણ દસ્તાવેજ કરી આપ્યો હતો. પરંતુ દસ્તાવેજ જોતા જાણવા મળ્યું હતું કે, સામાવાળાઓએ જે દસ્તાવેજ કર્યો છે, તેમાં અન્ય મિલકતનો ફોટોગ્રાફ સોંટાડેલો છે. ખુંટની વિગત પણ ખોટી લખી છે. જેથી આ બાબતનો જરૂરી સુધારા દસ્તાવેજ કરી આપવા માટે વિક્રમભાઈ તથા ભીખીબહેનને જણાવ્યું હતું. પરંતુ તેઓએ વકીલ મારફતે 19મી ઓક્ટોબર,2023ના રોજ નોટીસ આપી હતી. જેનો જવાબ પણ આપ્યો છે. આમ છતાં વિક્રમે દુકાનનું તાળુ બદલી પોતાનું મારી દીધુ હતું અને અંદરનો સામાન સગેવગે કર્યો હતો.

આ અંગે કલેક્ટર કચેરીમાં લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ આપતા કલેક્ટરને જરૂરી તપાસ બાદ વિક્રમ અને ભીખીબહેન સામે ફરિયાદ કરવા હુકમ કર્યો હતો. આ અંગે ભરતભાઈ પટેલે આણંદ ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ આપતા પોલીસે બન્ને સામે ગુનો નોંધ્યો હતો.

# વાઠવાડી ગ્રામ પંચાયતના સભ્ય પર 4 શખ્સનો હુમલો

**જુના બ્લોક** લઈ જવાની ના પાડતા મારમાર્યો

(પ્રતિનિધિ) નડિયાદ, તા.7

મહેમદાવાદ તાલુકાના વાઠવાડીના ગ્રામ પંચાયતના સભ્યએ રિક્ષામાં જુનાબ્લોક લઈ જનાર 4 ઈસમોને રોકતા તેમના પર હુમલો કર્યો હતો.

વાંઠવાડી ગામે રહેતા નટવરભાઈ મનુભાઈ ગ્રામ પંચાયતના સભ્ય તરીકે સેવા આપે છે. તેમના ફળીયામાંથી જુના બ્લોક કાઢી નાખી સાઈડમાં ઢગલો કરવામાં આવ્યો હતો. 5મીના રોજ ગોવિંદ પૂનમભાઈ તળપદા અને તેમના સંબંધીઓ રિક્ષામાં બે વખત જુના બ્લોક ભરીને તેમના ઘરે લઈ ગયા હતા. ત્રીજી વખત રીક્ષા લઈને જુના બ્લોક ભરવા આવ્યા હતા. જેથી નટવરભાઈ તળપદાએ જણાવેલ કે, તમે કોને પૂછીને જુના બ્લોક લઈ જાઓ છો ? આ જૂના બ્લોક ગામના મંદિરો આગળ નાખવાના છે. બ્લોક ના લઈ જજો. તેમ કહેતા ગોવિંદ પૂનમ, અક્ષય ગોવિંદ તેમજ અન્ય બે ઈસમોએ અપશબ્દ બોલી નટવરભાઈને છૂટો પથ્થર મારી ઈજા કરી હતી. આ ઝઘડામાં છોડાવવા દોડી આવેલા અશોક તળપદાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે નટવરભાઈ તળપદાની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે ગોવિંદ પૂનમ તળપદા, અક્ષય ગોવિંદભાઈ, રાજુ નટુભાઈ તેમજ ભીખાભાઈ અભાભાઈ તળપદા સામે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# નીરમાલીથી વ્યાસ વાસણાનો પુલ મંજૂર છતાં કામ ન થતાં રોષ

**ભુંગળિયા ડેમમાં પાણી** ભરાયેલું હોવાથી લોકોને 8 કિલોમીટરનો ફેરો

(પ્રતિનિધિ) કપડવંજ તા.

કપડવંજના નીરમાલીથી વ્યાસવાસણાનો પુલ ઘણા સમયથી મંજૂર કરવામાં આવ્યો છે. આ પુલ બનાવવાની કામગીરી શરૂ કરવા માટે ગ્રામજનોની વારંવાર માંગણી છતાં પણ નહીં બનતા આ વિસ્તારના લોકોમાં ભારે આક્રોશ ભભૂકી ઊઠયો છે.

આ પુલ નહીં બનવાને કારણે કપડવંજ તાલુકાના નીરમાલી, ડોડિયાપુર, જમાદારની મુવાડી, ભેમલીયા, કોટવાલના મુવાડા સહિતના ગામના ખેડૂતો તેમજ વિદ્યાર્થીઓ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. હાલ સંજોગોમાં લોકોને પાણીમાંથી આવવું જવું પડે છે. ભુંગળિયા ડેમમાં પાણી ભરાયેલું હોવાથી નીરમાલી સહિત ઘણા ગામોમાં વસવાટ કરતા લોકોને 8 કી.મી. જેટલું લાંબુ અંતર ફરીને આવવું જવું પડે છે. નીરમાલી થી વ્યાસ વાસણાનો પુલ મંજૂર થયો હોવા છતાં સંબંધિત તંત્ર દ્વારા બનાવવામાં નહીં આવતો હોવાનું ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે. પુલની સુવિધા ઉપલબ્ધ ના થવાથી હાલાકી ભોગવી રહેલા લોકોએ એક માસમાં યોગ્ય નિકાલ કે પ્રત્યુત્તર નહીં મળે તો ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.



## વીરપુરમાં જીવના જોખમે મુસાફરી કરવા વિદ્યાર્થીઓ મજબૂર




મહીસાગર જિલ્લાના વીરપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખાનગી વાહન ચાલકોને ઘી કેળાં થઇ ગયાં છે. એસટી બસની અનિયમિતતા અને તંત્ર બેદરકારીના કારણે શટલ રીક્ષામાં ક્ષમતા કરતાં બેથી ત્રણ ગણા મુસાફરો બેસાડવામાં આવી રહ્યાં છે. તેમાંય ખાસ કરીને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓ જીવના જોખમે મુસાફરી કરતા જોવા મળે છે. જેના કારણે વાલીઓમાં પણ ચિંતાની લાગણી જન્મી છે. - **નાથુસિંહ પરમાર**

## વાસણા બુઝર્ગ, અલીણામાં જુગાર રમતા 7 ઝબ્બે

(પ્રતિનિધિ) નડિયાદ તા.8

ખેડા ટાઉન પોલીસને વાસણા બુઝર્ગ ગામમાં દૂધની ડેરી પાસે કેટલાક ઈસમો પત્તા પાનાનો જુગાર રમી રહ્યાની ફરિયાદ મળતાં દરોડો પાડ્યો હતો. જેમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ફિરોજ નસીર પઠાણ, નગીન પ્રવીણ સેનવા, દિનેશ પૂનમ પરમાર તેમજ ખોડા મંગળ બારૈયાને રૂ.540 રોકડ સાથે ઝડપી પાડ્યા હતા. બીજા બનાવમાં મહુધા પોલીસે અલીણા ગામે પત્તા પાનાનો જુગાર રમતા દિનેશભાઈ મોહનભાઈ તળપદા,અશરફ ઐયુબખાન પઠાણ તેમજ મહેન્દ્ર રાવજીભાઈ પરમાર ને જુગાર રમવાના સાધનો તેમજ રોકડ રૂ.૪૯૦ સાથે ઝડપી પાડ્યા હતા.આ બનાવ સંદર્ભે મહુધા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

# નિસરાયામાં નોરતાંની રમઝટ ઘરે ઘરે પહોંચે તે માટે સખાવત

**એનઆરઆઈ** દાતા મેક દાદાએ સમગ્ર ગામમાં સ્પીકર સાઉન્ડ સિસ્ટમ માટે વધું એકવાર દાનની સરવાણી વહાવી

(પ્રતિનિધિ) બોરસદ, તા.8

આણંદ જિલ્લામાં બોરસદના નિસરાયા ગામે નવરાત્રીના દિવસોમાં એન આર આઈ દાતાના સહયોગથી સમગ્ર ગામમાં સ્પીકર સિસ્ટમ ગોઠવવામાં આવતાં અનોખું ગામ બન્યું છે. નિસરાયા ગામમાં આદ્યશક્તિની આરાધના સમા પર્વ દરમિયાન ખુબ ઉપયોગી સુવિધા ઉપલબ્ધ થવા પામી છે. સમગ્ર ગામમા લાઉડ સ્પીકર લાગ્યા છે.






નિસરાયા ગામમાં સરપંચ અને ગામના ઉત્સાહી યુવા અગ્રણી વિજયસિંહ રાજના સરાહનીય પ્રયાસોથી દાતાઓ ઉદારતાથી દાનની સરવાણી વહાવી રહ્યા છે. ગામમાં અનેકવિધ લોકહિતના કાર્યો થાય છે તેમાં વધુ એક સુવિધા ઉપલબ્ધ થયેલ છે.

સમગ્ર નિસરાયા ગામમાં સ્પીકર સુવિધા માટે મેક દાદાના નામથી જાણીતા મહેન્દ્રભાઈ ચતુરભાઈ પટેલ તરફથી 12 લાખ રૂપિયાનુ દાન આપવામાં આવ્યું છે. અગાઉ પણ મેક દાદાએ માતબર રકમનું દાન આપેલ છે. દાનની રકમ દ્વારા નિસરાયા ગામ ખાતે પ્રાથમિક જરૂરિયાત સમાન સુવિધા સાથે શૈક્ષણિક સામાજિક, ધાર્મિક ક્ષેત્રમાં નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

હાલમાં નિસરાયા ગામમાં પ્રવેશતાં જ ભક્તિભાવ ભર્યા માહોલની અલૌકિક અનુભૂતિ થાય છે. માતાજીની આરતી તેમજ ગીત ગરબા સમગ્ર ગામમાં સંભળાય છે . લાઉડ સ્પીકર સમગ્ર ગામમાં ઠેક ઠેકાણે લગાવાયા છે. જેથી નવરાત્રીના નવલા દિવસોમા દરરોજ આરતી સંભળાય છે. લોકોને ઘરે બેઠાં બેઠાં માંગ આરતી ગરબા સાંભળે તેવી વ્યવસ્થા મળી છે. લોકોને ઘરે બેઠા માતાજીની ભક્તિ કરવાનો લ્હાવો મળી રહ્યો છે. જેથી આનંદની લાગણી જન્મી છે.

### કાયમી ધોરણે સ્પીકર સુવિધા ઉપલબ્ધ થવાથી અગત્યની માહિતી પણ સરળતાથી પહોંચશે



નવરાત્રીના દિવસોમાં સમગ્ર ગામમાં સ્પીકર સુવિધા ઉપલબ્ધ થયેલ છે આ બાબતે પ્રતિભાવ આપતાં નિસરાયા ગામના સરપંચ વિજયસિંહ રાજ દ્વારા જણાવાયું છે કે સ્પીકર સુવિધા મેક દાદાના સહયોગથી કાયમી ધોરણે સ્પીકર સુવિધા ઉપલબ્ધ થયેલ છે. જે માટે 12 લાખનું દાન આપેલ છે. આટલી માતબર રકમનો ખર્ચ કરીને ગામમાં ખાસ ઉપયોગી વ્યવસ્થા મળી છે. નવરાત્રી પર્વની ઉજવણી બાદ પણ આ સુવિધાના માધ્યમથી સમયાંતરે અગત્યની માહિતી સરળતાથી પહોંચી શકશે. ગ્રામજનોને ઘરે બેઠાં બેઠાં જ ધાર્મિક લહાવો મળ્યો જ છે. સાથે સાથે ગ્રામ પંચાયતના સંચાલન હેઠળ સ્પીકર માધ્યમનો અનેકવિધ રીતે ઉપયોગી બનશે.